# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૫ તા.૮-૧૦-૧૫

(માન્ય શાળા પરિપત્ર નં.૪)

તમામ શાળાઓ માટે :-

વિષય :-પ્રથમ સત્રાંત (લેખિત) પરીક્ષા-૨૦૧૫ બાબત.

આથી તમામ શાળાઓને જણાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ધો.૩ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રાંત (લેખિત) પરીક્ષા તા.૨૯-૧૦-૧૫ થી તા.૬-૧૧-૧૫ સુધી નીચે જણાવેલ કાર્યક્રમ અનુસાર લેવાની રહેશે.

**પ્રથમ સત્રાંત (લેખિત) પરીક્ષા -૨૦૧૫-૧૬નો કાર્યક્રમ**

| તારીખ | વાર | સમય | ધોરણ | વિષય |
|---|---|---|---|---|
| ૨૯-૧૦-૧૫ | ગુરૂવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | માતૃભાષા |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | માતૃભાષા |
| ૩૦-૧૦-૧૫ | શુક્રવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | ગણિત |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | ગણિત |
| ૨-૧૧-૧૫ | સોમવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | વિજ્ઞાન અને ટેકનોલૉજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | પર્યાવરણ |
| ૩-૧૧-૧૫ | મંગળવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | અંગ્રેજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ અને ૪ | પ્રાદેશિક ભાષા |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૫ | અંગ્રેજી |
| ૪-૧૧-૧૫ | બુધવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | હિન્દી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૫ | હિન્દી |
| ૫-૧૧-૧૫ | ગુરૂવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૫ | પ્રાદેશિક ભાષા |
| ૬-૧૧-૧૫ | શુક્રવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૬ થી ૮ | સંસ્કૃત |
| | | ૧૦-૩૦ થી ૧૨-૩૦ | ૬ થી ૮ | પ્રાદેશિક ભાષા |

ધો.૩ થી ૮ તમામ માધ્યમમાં સેમિસ્ટર મુજબ નવા પાઠ્યપુસ્તકો અમલમાં હોઈ પ્રથમ સત્રના પાઠયપુસ્તકના તમામ પ્રકરણ આવરી લેવામાં આવેલ છે. સ્કૂલ બોર્ડ તરફથી છાપેલા પ્રશ્નપત્ર આપવામાં આવશે. જે મેળવી લેવા અલગથી પરિપત્ર કરવામાં આવશે. પરિપત્ર નં.૫૪ તા.૮-૯-૧૧ મુજબ ધો.૧ અને ધો.૨ માટે સત્રાંત પરીક્ષા લેવાની રહેતી નથી. ધો.૧ અને ધો.૨માં સતત મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં હોઈ તે અનુસાર મૂલ્યાંકન અને નોંધની પ્રક્રિયા ચાલુ રાખવાની રહેશે. ધો.૪ હિન્દી અને અંગ્રેજી વિષયનું ૧૦૦ ગુણનું મૂલ્યાંકન વર્ષાન્તે કરવાનું રહેશે એટલે કે પ્રથમ સત્રાંત પરીક્ષામાં આ વિષયને આવરી લેવાશે નહિ.

**સત્રાંત પરીક્ષા દરમ્યાન નીચે જણાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.**

- ધો.૩ થી ૫ના પ્રશ્નપત્રો ૪૦ ગુણના અને ધો.૬ થી ૮ના તમામ માધ્યમનાં પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે. જેમાં બહુવિકલ્પ ટૂંકા પ્રશ્નો તથા નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે. અગાઉની મૂલ્યાંકન પદ્ધતિ મુજબ પ્રશ્નપત્રને બે વિભાગમાં વહેંચવામાં આવ્યું હતું (વિભાગ-અ અને વિભાગ-બ) તે રદ કરવામાં આવેલ છે.
- ધો.૬ થી ૮ના તમામ માધ્યમમાં જવાબ લખવા માટે અલગ જવાબવહીઓ સ્કૂલ બોર્ડ દ્વારા આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ બહારથી ખરીદીને લાવવાની રહેતી નથી. તે અંગેની સૂચના વિદ્યાર્થીઓને પ્રથમથી જ આપવી.
- ધો.૩ થી ૫ તમામ માધ્યમમાં પ્રશ્નપત્રમાં જ જવાબ માટે જગ્યા રાખવામાં આવશે તેમજ ધો.૬ થી ૮ સંસ્કૃત અને પ્રાદેશિક ભાષાના પ્રશ્નપત્રોમાં પણ જવાબ માટે જગ્યા રાખવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓ પાસે અલગથી જવાબવહીઓ મંગાવવાની રહેતી નથી. તે અંગે તથા પ્રશ્નપત્રમાં જ જવાબ લખવાની સૂચના વિદ્યાર્થીઓને અચૂક આપવી.

- ધો.૩ થી ૫માં જે શાળામાં પ્રજ્ઞા પ્રોજેક્ટ અમલમાં છે તે શાળાઓનું મૂલ્યાંકન પ્રજ્ઞા પ્રોજેક્ટ અનુસાર કરવાનું રહેશે. તે શાળાઓના બાળકોને આ સત્રાંત પરીક્ષામાં પ્રજ્ઞા અભિગમ મુજબના પ્રશ્નપત્ર આપવામાં આવશે.
- પરીક્ષાના કાર્યક્રમ, સમયપાલન અને પૂરતી તૈયારી અંગેની સૂચના વિદ્યાર્થીઓને આપવી. શાળા ઑફિસની બહાર બ્લેક બોર્ડ પર મોટા અક્ષરે વાંચી શકાય તે રીતે પરીક્ષાનો કાર્યક્રમ દર્શાવવો.
- પરીક્ષા દરમ્યાનની વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા એ રીતે ગોઠવવી કે જેથી એક જ ધોરણના વિદ્યાર્થી પાસ-પાસે ન આવે. બેઠક વ્યવસ્થાનો ચાર્ટ બીટ સુપરવાઈઝર પાસે મંજૂર કરાવી દરેક ઓરડામાં કયા ધોરણના અને કયા નંબરના વિદ્યાર્થીઓ બેસવાના છે તેની નોંધ જે તે ઓરડાના કા.પા. પર કરવી તેમજ જે તે ઓરડાના બારણા પર પણ દર્શાવવી.
- પરીક્ષા દરમ્યાન દરરોજના નિરીક્ષણકાર્યની વહેંચણી કરી નિરીક્ષણપત્રકમાં શિક્ષકને ફાળવેલ ઓરડાના નંબર સામે તેમની સહી લેવી.
- પરીક્ષા સમય પહેલાં કાર્યક્રમ પ્રમાણે જે તે વિષયના પ્રશ્નપત્રો મળેલ છે તે મુખ્ય શિક્ષકશ્રીએ ચેક કરી લેવું. મુદ્રણદોષવાળા કે કોરા પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને અપાય નહિ તે પ્રશ્નપત્ર વિતરણ સમયે ખાસ જોઈ લેવું.
- શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળાનો સમય ગમે તે હોય તો પણ પરીક્ષા ઉપરોક્ત કાર્યક્રમ પ્રમાણે જ લેવી અને જે તે ધોરણના વિદ્યાર્થીઓને તે પ્રમાણે પરીક્ષા માટે બોલાવવા.

તા.૭-૧૦-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નોંધ :- ગુણોત્સવના તમામ પાસાઓને લક્ષમાં રાખી તા.૨૬-૧૦-૧૫ અને તા.૨૭-૧૦-૧૫ના રોજ અધિકારીશ્રીઓની ટીમ દ્વારા તમામ શાળાઓમાં **'પ્રિ-ગુણોત્સવ'** અંતર્ગત શાળા મૂલ્યાંકન કરવામાં આવશે, જેની નોંધ લઈ તમામ શાળાઓએ તૈયારી કરવાની રહેશે.